તલોદ પોલીસ સ્ટેશન ખાતે લોન અંગે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું ૬૧ અરજી મંજૂર કરાઈ

તલોદ. તા ૪

રાજ્ય સરકાર ના વ્યાજખોરો સામે ની મુહિમ ના ભાગરૂપે તલોદ પોલીસ સ્ટેશન ની હકૂમત હેઠળ આવતા વિસ્તાર ની પ્રજા સરળતાથી લોન લેવા ની પ્રક્રિયા સમજી શકે અને સાચું માર્ગદર્શન મેળવી વ્યાજખોરો ના તગડા વ્યાજ ની ચુંગાલ માંથી મુકત કરવા ના શુભ આશયથી તલોદ પોલિસ સ્ટેશન ના પટાંગણ માં લોન અંગે માર્ગદર્શન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું

આ અંગે માહિતી આપતાં તલોદ પોલીસ સબ ઈન્સ્પેકટર જી એસ સ્વામી એ જિલ્લા પોલિસ વડા વિશાલ વાઘેલા ની સૂચના અન્વયે ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજેનાણાં ધિરાણ કરી પ્રજા નું ગંભીર આર્થિક શોષણ કરનાર વ્યાજખોરો અને આર્થિક અસામાજિક તત્ત્વો સામે લોકજાગૃતિ લાવવા લોકદરબાર યોજી વ્યાજખોરો સામે ફરિયાદ કરવા આગળ આવવા માટે ના આયોજન ને સફળ પ્રતિસાદ મળ્યો હતો ત્યારે તલોદ પોલીસ સ્ટેશન ખાતે પ્રજા ને સરળતા થી લોન મળે અને સાચું માર્ગદર્શન મળે એ હેતુથી માર્ગદર્શન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લાયસન્સ ધરાવતી

સંસ્થા ઓ, બેંકો અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા સરળ અને સસ્તા ધિરાણ અંગે માર્ગદર્શન મેળવવા શાકભાજી, પાથરણાં વાળા, રિક્ષા ચાલકો અને નાના ફેરિયા સહીત પાંચસો જેટલા નાગરિકો એ ભાગ લીધો હતો અને સાઈઠ ઉપરાંત અરજીઓ મંજૂર કરવામાં આવી હતી તેમજ લોન મેળવવા અંગે ની સમજ આપી બેંક નો સંપર્ક કરવા માટે જણાવ્યું હતું

આમ ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજે ધિરાણ કરી સામાન્ય માણસ નું શોષણ કરનાર અસામાજિક તત્ત્વો ને અંકુશ માં લાવવા માટે સફળતા મળી હોવાનુ સ્વામી એ જણાવ્યું હતું જોકે પોલીસ ની આ મુહિમ કેટલી અસરકારક નીવડશે એ તો આવનાર સમય જ બતાવશે.

જિલ્લાના આકાશમાં સમી સાંજે એક સાથે લાંબુ તારામંડળ પસાર થતાં ઉત્તેજના વ્યાપી

અનેક અફવાઓ વચ્ચે અમેરીકાના ઉદ્યોગપતિએ એક સાથે છોડેલા ૫૩ ઉપગ્રહ હોવાનું બહાર આવતાં હાશકારો

બાયડ, તા.૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આકાશમાં કેટલાક વિસ્તારોમાં સમી સાંજે એક લાંબુ તારામંડળ પસાર થતાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. ઘડીક ભરતો અફવા બજાર ગરમ થઈ ગયું હતું પરંતુ બાદમાં જાણકારી મળી કે અમેરીકાના એક ઉદ્યોગપતિ દ્વારા છોડવામાં આવેલા ઉપગ્રહની શૃંખલા છે પછી પ્રજાને હાશકારો થયો હતો.



પ્રાપ્ત જાણકારી અનુસાર વિશ્વમાં ગમે ત્યારે ત્રીજું વિશ્વ યુદ્ધ ફાટી નિકળે તેવા ભણકારા છે. રશિયા અને યુક્રેનની સરહદો સતત સળગતી રહી છે. જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ અવાર નવાર સરહદી તણાવ વધતો જોવા મળ્યો છે ત્યારે ગત રોજ જિલ્લામાં પશ્ચિમ થી પૂર્વ – ઉત્તર દીશા તરફ ગત સમી સાંજે અંધકાર થતાં લાંબી લીસોટા સાથેનું તારામંડળ ધીમી ગતિએ પસાર થયું અને કેટલાક બાળકોએ તો આકાશમાં દિવ્ય પ્રકાશ જોઈ પરિવારના સભ્યોને બહાર બોલાવ્યા અને કહ્યું કે જુઓ આકાશમાં ટ્રેન દોડી રહી છે અને કેટલાક લોકો આકાશમાં તેજ લીસોટા સાથેની ટચુબલાઈટ જેવી લાંબી લાઈન પસાર થતી જોઈ ચોંકી ઉઠ્યા હતા. કેટલાકે તો આકાશમાંથી તૂટેલી ઉલ્કા ઉડતી હોવાનું અનુમાન લગાવ્યું.

આધુનિક વિજ્ઞાન યુગમાં પણ અનેક પ્રજા વિજ્ઞાનની અનેક શોધથી અજાણ છે. રાત્રે તેજ લીસોટા સાથેનું તારામંડળ જિલ્લાના આકાશમાંથી પસાર થયા પછી સ્થાનિક પોલીસ તંત્રથી માંડી જિલ્લા વહીવટી તંત્ર સુધી કુતુહલવશ જાણકારી મેળવવા ફોન રણક્યા હતા પરંતુ તંત્ર પાસે પણ પૂરી જાણકારી ન હતી અને મોડેથી આવેલી વિગતો અનુસાર અમેરીકાના જાણીતા ઉદ્યોગપતિ એલન મસ્ક દ્વારા છોડવામાં આવેલું ઉપગ્રહ હોવાનું બહાર આવ્યું છે. એલન મસ્કની સ્ટારલીંક કંપની દ્વારા વિશ્વમાં ઈન્ટરનેટનો વ્યાપ વધારવા માટે આકાશમાં ૩૦ હજાર ઉપગ્રહ છોડવાની પરવાનગી લેવામાં આવી છે તે પૈકીના આ ઉપગ્રહની હારમાળા છે અને ફાલ્કન દ્વારા તે આકાશમાં છોડવામાં આવ્યા છે. એક સાથે ૫૩ ઉપગ્રહ છોડવામાં આવતાં તારામંડળ આકાશમાં જતું હોય તેવું અંધારુ થતાં આકાશમાં જોવા મળ્યું.

ડીસા સહિત જિલ્લાના નાયબ મામલતદારોની બદલી

ડીસા, તા. ૪

ડીસા સહિત સમગ્ર જિલ્લાના નાયબ મામલતદારોની બદલીઓ કરવામાં આવી છે. ચૂંટણી દરમિયાન ફરજમાં રોકાયેલા નાયબ મામલતદારોની કામગીરી પૂર્ણ થતા અને વહીવટી સરળતા ખાતર ડીસામાં કુલ સાત નાયબ મામદારોની બદલી કરવામાં આવી છે.

વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીને અનુલક્ષીને ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સ્પેશ્યલ કામગીરી માટે અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી હતી અને ત્રણ શિફ્ટમાં કામ કરી શકે તે માટે જિલ્લાની ૯ વિધાનસભા બેઠકમાં અધિકારીઓ નિમાયા હતા. ત્યારે હવે ચૂંટણીની કામગીરી પૂર્ણ થતા અને વહીવટી સરળતા ખાતર જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જિલ્લામાં એકસાથે પર નાયબ મામલતદારોની સાગમટે બદલીઓ કરી છે. જેમાં ડીસામાં પણ મામલદાર કચેરી અને નાયબ કલેક્ટર કચેરી ખાતે ફરજ બતાવતા ૭ નાયબ મામલતદાર અને એક સર્કલ ઓફિસર સહિત કુલ ૮ અધિકારીઓની બદલી કરી દેવાઈ છે. ડીસા નાયબ કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરીમાં દબાણ શાખા, ઈ-ધરા, મધ્યાહન ભોજન યોજના અને મતદારયાદી વિભાગના નાયબ મામલતદારની બદલીઓ કરવામાં આવી છે.

ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં લોનમેળો યોજાયો

ગાંભોઈ, તા.૪

જિલ્લામાં ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજે નાણાધીરી સામાન્ય નાગરિકોનું આર્થિક શોષણ

કરનાર અસામાજિક તત્વો વિરુદ્ધ તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૩ થી ગેરકાયદેસર વ્યાજખોરીનો ધંધો કરતા શખ્સો વિરુદ્ધ ડ્રાઈવ યોજ્યા બાદ સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્ર દ્વારા વ્યાજખોરો વિરુદ્ધ ઝુંબેશ અસરકારક બનાવવા પોલીસતંત્ર દ્વારા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનનોમાં લોનમેળા યોજવાના ભાગરૂપે હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં શુક્રવારના રોજ લોનમેળો યોજવામાં આવ્યો હતો. જિલ્લાના જરૂરિયાત મંદ નાના ધંધાર્થીઓને લોન મળી રહે તે હેતુસર જિલ્લા પોલીસતંત્ર દ્વારા હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં યોજાયેલ કેમ્પમાં બેક ઓફ બરોડા, સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેક, બરોડા ગુજરાત ગ્રામીણ બેક વગેરે રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકો તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સાબરકાંઠા દ્વારા લાભાર્થીઓને લોન ચેકોનું વિતરણ તેમજ લોનની નોંધણી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંભોઈ પી.એસ.આઈ. જે.એમ.રબારી તેમજ પાર્થ પટેલ, અપૂર્વ પટેલ,

અરુણ ખજૂરીયા, વિજય પટેલ, રવિ રંજન, એન.કે.વોરા વગેરે બેક તેમજ સરકારી અધિકારી ઉપસ્થિત રહી લોકોને લોન અંગે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

અરવલ્લી : Spelling લખવામાં ભૂલ થતા વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે દંગલ

મેઘરજ પી.સી.એન હાઈસ્કૂલની ઘટના, પોલીસ દોડી

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરની જાણીતી શૈક્ષણિક સંસ્થાની પી.સી.એન. હાઈસ્કૂલમાં સ્પેલિંગ લખવા જેવી સામાન્ય બાબતમાં બે વિદ્યાર્થીઓના જૂથ વચ્ચે હાઈસ્કૂલના દરવાજા બહાર મારામારી

થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા વિદ્યાર્થીઓના વાલીઓ પણ મોટી સંખ્યામાં પહોંચતા વાતાવરણમાં તંગદિલી છવાઈ હતી જો કે મેઘરજ પોલીસ તાબડતોડ હાઈસ્કૂલ પહોંચી મામલો થાળે પાડ્યો હતો સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી બંને જૂથ વચ્ચે સમાધાન થતા નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, મેઘરજ પીસીએન હાઈસ્કૂલમાં સ્પેલિંગ લખવામાં ભૂલ થવા જેવી સામાન્ય બાબતમાં વિદ્યાર્થીઓના બે જૂથ વચ્ચે છેલ્લા બે દીવસથી સામાન્ય બોલાચાલી થઈ રહી હતી શુક્રવારે સવારે બંને જૂથ વચ્ચે દંગલ થતા સામસામે મારામારી પર ઉતરી આવતા ભારે અફરાતફરીનો માહોલ ફેલાયો હતો હાઈસ્કૂલ દરવાજા આગળ બે વિદ્યાર્થીઓનું જૂથ બાખડયું હોવાની વાત નગરમાં વાયુવેગે ફેલાતો સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝગડો થયો હોવાની માહિતી પોલીસને મળતા તાબડતોડ હાઈસ્કૂલ પહોંચી મામલો થાળે પાડી બંને જૂથના વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશન લઈ ગયા પછી બંને જૂથ વચ્ચે સમાધાન થયું હતું

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં વિશ્વકર્મા જયંતીની ભક્તિભાવ સાથે ધામધૂમ પૂર્વક ઉજવણી

મોડાસા, તા. ૪

મહા સુદ તેરસનો દિવસ એટલે દેવોના સ્થપતિ કહેવાતા શ્રી વિશ્વકર્મા ભગવાનની જયંતિનો પર્વ ભગવાન વિશ્વકર્મા સમર્પિત જે આકાશી આર્કિટેક્ટ તરીકે ગણવામાં છે.મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વિશ્વકર્મા જયંતીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ભગવાન વિશ્વકર્મા દાદાના મંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જોવા મળતી હતી. મોડાસા શહેરમાં કડીયાવાડા વિસ્તારમાં આવેલા આવેલા વિશ્વકર્મા મંદિરે થી ભગવાન વિશ્વકર્માની પાલખીયાત્રા વાજતે-ગાજતે ભક્તિમય ભજન સાથે કાઢવામાં આવી હતી આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં કડિયા સમાજ સહીત મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા નગરના માર્ગો પર નીકળેલી શોભયાત્રા થી શહેર ભક્તિભાવના રંગે રંગાયું હતું સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા શોભાયાત્રામાં

જોડાયેલ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો મોડાસાના ગણેશપુર ખાતે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વકર્માને સૃષ્ટિના પ્રથમ પ્રવર્તક માનવામાં આવે છે.અરવલ્લી જિલ્લા ના ધનસુરા માં વિશ્વકર્મા જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી. ધનસુરા ખાતે વિશ્વકર્મા મંદિરે દર વર્ષે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવે છે.આ વખતે પણ ધનસુરા વિશ્વકર્મા મંદિરે ભવ્ય રીતે વિશ્વકર્મા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતેથી વાજતે ગાજતે ભક્તિમય ભજન સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જે ધનસુરા પરબડી ચોક ચાર રસ્તા થઈ ગામમાં ફરી હતી.જેમાં ધનસુરા વિશ્વકર્મા મંદિર ના મહંત ઈશ્વરદાસજી મહારાજ અને મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.સાથે પ્રસાદી નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

પાલનપુર નજીક લાલાવાડા ખાતે માં અર્બુદાના રજતજયંતિ મહોત્સવ અને ૧૦૮ કુંડી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો શુભારંભ

પાલનપુર તા.૪

વિશ્વકલ્યાણ, વિશ્વશાંતિ, અને સામાજિક ઉત્કર્ષ અર્થે માઁ અર્બુદાની અમી દ્રષ્ટિ સદૈવ સમાજ પર રહે એવા શુભ આશયથી શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ પાલનપુર દ્વારા માતૃશ્રી આર.વી.ભટોળ ઈંગ્લિશ મીડિયમ વિદ્યાસંકુલ, લાલાવાડા ખાતે ૩ જી ફેબ્રુઆરી થી ૫ મી ફેબ્રુઆરી દરમિયાન માં અર્બુદા રજત જયંતિ મહોત્સવ તથા ૧૦૮ કુંડી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહોત્સવના પ્રારંભે પાલનપુરમાં વાજતે ગાજતે માઁ અર્બુદાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. પાલનપુર ના માર્ગો પર નિકળેલી આશરે ૧૦ કિમી. જેટલી લાંબી આ ભવ્ય શોભાયાત્રામાં આંજણા સમાજના ભાવિક શ્રધ્ધાળુ ભાઈ બહેનો સહિત આબાલવૃદ્ધ સૌ કોઈ લાખોની સંખ્યામાં જોડાયા હતા. હાથી, ઘોડા સાથેનો માતાજીનો દિવ્ય રથ, જવારાઓ સાથેની ૫૦૦૦ કરતાં વધુ મહિલાઓ, અને લાઈવ ડીજે ના તાલે નીકળેલી ભવ્ય શોભાયાત્રાએ પાલનપુરના માર્ગો પર ભારે આકર્ષણ જમાવ્યું હતું. લાખોની સંખ્યામાં ઉમટેલા ભવિકોથી પાલનપુરના માર્ગો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા.

સવારે ૭:૩૦ કલાકે પાલનપુર આદર્શ વિદ્યાલય અર્બુદા મંદિરથી નીકળેલી શોભાયાત્રા ગલબા કાકા સર્કલથી સુરેશ મહેતા ચોક થઈ સંજય મહેતા ચોક થી પુન: સુરેશ મહેતા ચોક આવી લાયન્સ હોસ્પિટલ રોડથી રામનગર ચોક થઈ કુંવરબા સ્કૂલથી આદર્શ વિદ્યાસંકુલ આવી નવા ગંજ બજારથી બનાસડેરી થઈ લાલાવાડા યજ્ઞ સ્થળે પહોંચી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, શ્રદ્ધા, શક્તિ અને ઉલ્લાસના ત્રિવેણી સંગમ સમા માં અર્બુદાના રજત મહોત્સવમાં ત્રણ દિવસમાં ૧૦ લાખ કરતાં વધારે ભાવિક શ્રદ્ધાળુઓ દર્શન માટે પધારવાની સંભાવના છે ત્યારે આયોજન કર્તાઓ દ્વારા વિશાળ પાયે વ્યવસ્થાઓ અને સગવડોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દર્શન, યજ્ઞ સ્થળે પ્રદક્ષિણા અને ભોજન પ્રસાદ માટે સ્વયં સેવકોની વિશેષ ટિમો બનાવવામાં આવી છે.

પ્રાંતિજના બોરીયા સીતવાડા અને બોભામાં લોકમેળો ભરાયો

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોરીયા સીતવાડા અને બોભામાં લોકમેળો ભરાયો બ્રહ્માણી માતાજી નો લોકમેળો પરંપરાગત રીતે છેલ્લા ૭૨ વર્ષ થી ભરાય છે જેના ભાગરૂપે બ્રહ્માણી માતા ની શોભાયાત્રા વાજતે ગાજતે કે ડીજેના તાલ સાથે કાઢવામાં આવી હતી

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા અને બોભા ખાતે આજે વર્ષોથી ભરાતો લોકમેળો ભરાયો હતો અને ગામમા શોભાયાત્રા કાઢવામા આવી હતી આ શોભાયાત્રામાં અનેક માઈભકતો તેમજ યુવાધન જોડાઈને અબીલ ગુલાલ થી રંગાઈ ગયા હતા જ્યાં આખું ગામ બ્રહ્માણી મય બની ગયું હતું આ પ્રસંગે માતાજીનો હવન ધજા રોહણ કરવામાં આવી હતું વધુમાં વર્ષોથી માતાજી ના વાઘા અમદાવાદનો મેરાઇ પરિવાર પહેરાવે છે બ્રહ્માણી માતાજીની બોળીયા માતાજી તરીકે ઓળખવામાં આવે છે શ્રદ્ધા અને સબૂરી સાથે જેનું બાળક ન બોલતો હોય તું બોર ની બાધા રાખે છે અને બાળક બોલતું થાય છે તો મોટા પ્રમાણમાં માઈભકતો બોર લાવી માતાજીની ચરણોમાં ધરાવે છે તેમજ ૪૦૦૦થી વધુ માઈભકતોની મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવે છે જેમાં મેળામાં ખાણી-પીણી ચગડોળ રમકડા સ્ટોલ લાગ્યા હતા અને માઈ ભકતો એ દર્શન કરી ધન્યતા અનુભવી ને મેળા નો આનંદ માણ્યો.

અન્ય સમાજને પ્રેરણા રૂપ : પ્રાંતિજના ખાતે બોરીયા સીતવાડામાં 'બેટી બચાવો બેટી વધાવો' કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્ર ની ૧૫ મી પુણ્યતિથિ ના દિવસે પરિવાર બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજાયો અને સગર્ભા બહેનોનુ પણ સન્માન કરવામા આવ્યુ તો આ પ્રસંગે મહંત , પૂર્વ ધારાસભ્ય તથા એકલવ્ય ફાઉન્ડેશન ના ડાયરેક્ટર અગ્રણીઓ સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહ ની ૧૫ મી પુણ્યતિથિ નિમિત્તે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બોરીયા સીતવાડા ગામમાં રહેતી વીસ થી વધુ દિકરીઓનું કુમકુમ તિલક કરી કાળુસિંહ રાઠોડ પરિવાર દ્વારા ડ્રેસ, દફતર, પુસ્તક આપી ને સન્માનિત કરવામાં આવી હતી તો પ્રાંતિજ એકલવ્ય ફાઉન્ડેશન ના સહયોગ થી ગામની સગર્ભા બહેનો ને પણ સુખડી આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ઉપસ્થિત મહંતો મહેમાનો ને શાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો સમાજ ના વિશિષ્ઠ વ્યક્તિઓનુ શાલ મોમેન્ટો આપી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો ભજન કિર્તન કાર્યક્રમ પણ યોજાયો હતો તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી , પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા સદસ્ય એમ.ડી.રાઠોડ, મિલકતસિંહ રાઠોડ, વિરપાલસિંહ , ડૉ.એન.કે.ડેરીયા, પ્રદીપસિંહ રાઠોડ , એકલવ્ય ફાઉન્ડેશનના ડાયરેક્ટર હાર્દિક

ભાઈ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મ ભટ્ટ, પિયુષ ભાઈ શાહ સહિત ગામના આગેવાનો ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો સમાજ સહિત અન્ય સમાજ માટે પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઇ નહી.